ૐ તત્સત્

યુરોપી યુદ્ધ યાને

પ્રલયના ભણકારા



લેખક,

ખ્રીસ્તીસન ઓગણીસસેં ચૌદની જે સાલ

દુનિયાના ઇતીહાસમાં નોંધાશે વિકરાળ

હરીલાલ નારાયણ દવે.

ૐ તત્સત્

યુંરોપી યુદ્ધ

યાને

પ્રલયના ભણકારા

ગદ્યપદ્ય સાથે પ્રસિદ્ધ

કર્તા,

હરીલાલ નારાયણ દવે.

ગેઇટી થીએટર (કોટ) મુંબઇ

દોહરો

ઇસ્વીસન ઓગણીસને ચૌદતણી જે સાલ
દુનિઆના ઇતીહાસમાં નોંધાશે વિકરાળ

આવૃત્તી પહેલી) (પ્રત ૨૦૦૦

કીમત ૦-૨-૦

ઇસ્વી ૧૯૧૫ } ફેબ્રુવારી } { સંવત ૧૯૭ { ફાલ્ગુન

દોહરો

સન ઓગણીસેં ચૌદનો જોયો જુલાઇ માસ.
અદરાયો યુરોપ જંગ સુણતાં થાએ ત્રાસ.



યુરોપી યુદ્ધ

યાને

પ્રલયના ભણકારા.

(જર્મન તાર અથવા શેખશલ્લી વિચાર)

પ્રેક્ષક— મનહરછંદ.

જગાવ્યું જગત માંહી. જર્મનોએ મહા જંગ
જમીન ઊપર એનું જંગી જોર જાણીએ
વધુમાં વિશેષ જોર યંત્ર તણું અતી ઘણું.
તોપને બંદુક તણી શ્રેષ્ટતા પ્રમાણીએ. ૧
હુવાઈ વિમાન અને ક્રુપતણાં કારખાનાં.
ટોરપીડો મોરપીડો આદીક વખાણીએ ॥
હામ દામ ઠામ સૌ કચસર કને અખુટ
છતાં આજે છ છ માસ થયા એ તો જાણીએ ૨
ક્રૌન અધીકકું કામ ધાર્યુંતું એણે તમામ
ફ્રાન્સ દેશ જીતવાનો મમત મટાડીએ
ધારી તી ઊમેદ કેવી વાત બની જોયા જેવી
બ્રીટીશે બેહાલ કીધા હવે ક્યાં સીધાવીએ ૩

કેયસર—

આતો ચારે કોરથી ફસાવ્યો મુને દગો કરી
છતાં ચાલો વારસોનો વારસો મેળવીએ
(પણ) ત્યાં તો મોટા કાળ રશીઆ સામેથી છુટ્યા
માટે એને છોડો ઝટ ચાલો કેલે પહોંચીએ
કેલે ઝટ કરૂંસર નીમું ત્યાં ગવરનર
ચાલો હું પોતેજ આવું પીડા આ પતાવીએ
(પણ) ત્યાં તો સીંહ જેવા બેડાતા બ્રીટીશ વીર
હલ્લો કરી હાંકી કાઢ્યા હવે ક્યાં ભરાઇએ ; ૫
આ તો થઈ વાત ભારી ધાર્યી કરતાં નઠારી
સાપે ગળી છછુંદર એવી ગત ભાળીએ
માટે હવે બનવાની બનશે ખરે ખચીત
ત્યારે શીદ હામહારી ઘરમાં ઘલાઇએ ૬

સમાપ્ત.

કલીયુગની શરૂઆત પછી પૃથ્વીપર અનેક પ્રકારનાં વીગ્રહો થઇ ગયેલા છે તે હાલની આલમે ઈતીહાસ દ્વારાએ વાંચ્યાછે સાંભળ્યા છે. પણ તે સર્વેને એક બાજુ મુકે એવું હાલનું યુરોપી જંગ આજ ૧૯૧૪ ના જુલાઇ માસની અધવચ પછી શરૂ થઈ ચુકયું છે હાલની લડાઇને અંગે દુનીયાનું લગભગ એકથી બે કરોડ જેટલું માણુસ છુપલાણું છે તેમાંથી કેટલું બચશે અને કેટલું ખપી જશે તે તો તેને સર્જનારો જાણે પરંતુ સંજોગો એવા છે કે પૃથ્વીનો ભાર ઘણો કમી થઇ જશે અને તે સર્વ પાપનો, મનુષ્યવધનો ભોકતા કોણ તો દ્રષ્ટાઓ કહી શકે છે કે તે સર્વ કર્મનો ભોકતા તેનો ઉત્પાદક જર્મન કયસર પોતેજ છે કારણકે પ્રલય કાળના ભણકારા કરાવતો હૉલ યુરોપખંડનો સ્વતઃ ઘણી બનવાનો ઇરાદો રાખતો સુલેહનો ઇનકાર કરતો પેલો તુમાખી વીલ્યમ આજ પાંચ છ છ માસ થયાં લાખો નિરદોષોના જાન લઇ રહ્યો છે, જે વાંચીને હૃદય દ્રવી ભુત થઇ જાય છે, ચીરાઇ જાયછે, તેથી સહસા બોલી જવાય છે કે —

૧ દોહરો

અવનીમાં ઉત્પન્ન થયો કયસરરૂપે કાળ
મનુષ્યને સંહારવા જનમ્યો જર્મન બાળ

(વળી)

નથી ધર્મ ધરતો જરી નથી ધારતો ધીર
માનવ વધ નિપજાવવા પ્રગટયો પિશાચ પીર

આટલો મનુષ્ય સંહાર આટલા ટુંક સમયમાં થઈ જશે એવું કોઇએ સ્વપ્ને પણ ધાર્યુંનોતું તેવું પરીણામ નિપજ્યું છે એ આજ વીસમી સદીમાં કેળવણીનો ફાંકો ધરાવતી જર્મનરાજ્યની કીર્તીને ઓછું કલંક લગાડનારૂં કૃત્ય નથીજ કહેવત છે કે અભીમાન અને અન્યાય બને ઇશ્વરના કોપને પાત્ર થએલાનેજ પ્રાપ્ત થાય છે તો તે બને સાથેજ જર્મન ગાદીપતીને મળ્યાં છે એ અંતેતેના વીનાશરૂપ બનશેજ કારણ ન્યાયના પ્રતી નીધીસુલેહ શાન્તી અને ધર્મની ધારપર અચળ ચાલનાર બ્રીટીશરાજ્યને લડવાંનુ આમંત્રણ કરી જર્મને પોતેજ પોતાના પગમાં કુહાડો માર્યો છે જેવીરીતે હીરણ્યકશીપુ એ પણ અતી અન્યાય કર્યો તો ખાસ નૃસીહ ભગવાનને હાથે મરાણો તથા રાવણ, કંસ, જરાસંધ, આદી અસુરો પણ અતી અધર્મ આદરી સાક્ષાત ભગવાનસાથે લડતા અચકાતા નહીં તેવીરીતે જર્મનરાજે પણ ધર્મ મુતી મહારાજા જયોર્જને આ લઢાઇમાં આમંત્રણ કર્યું છે તો ઉકત દૃષ્ટાંતો આ વખતે પણ સત્ય થાય તો શંકા નથી કારણ—

૨ દોહરો

ત્રેતામાં શ્રીરામજી દ્વાપર યુધિષ્ટીર ભૂપ
કલયુગે શ્રીજયોર્જ છે કેવળ ન્યાયી રૂપ

ન્યાયી પક્ષનો હમેશાંવીજય હોય છે તો આ સંગ્રામમાં પણ બ્રીટીશરાજનો વિજય છેજ એ નિશંક છે; આસ્ત્રીયા સર્વીયા વચ્ચે આગલા પાછલા કોઇ વૈરને લીધે અણબનાવતો હતોજ તેવામાં સર્વીઅન હદમાં ઓસ્ત્રીયન રાજકુમારનું કોઇએ ખુન કર્યું તેથી વિશેષ વૈર બંધાણું તે બાબત તે રાજ્યો ગમે તે રસ્તે પોતાના વિચારોનો અમલ કરતે પણ કયસરના વિચારમાં દોડવું હતુંને ઢાળ આવ્યો તેવી રીતે વાત ફાવતી આવી ગઈ: જેથી ઓસ્ત્રીયાને ઉશ્કેરી સર્વીયા સાથે લડાઈ જગાવી પોતે ફ્રાન્સ સાથે લડાઇ જાહેર કરી ફ્રાન્સને તે વાતની ખબર નહોવાથી પોતે લડવાની બીલકુલ તૈયારી કરેલી ન હોતી તો પણ બ્રીટીશ રાજની સહાયતા હોવાથી તેણે લડાઈ કબુલ કરી: જર્મન સૈન્ય બેલ્યજીમમાંથી પસાર થવા ઉપડયું તેને તેમ કરતાં અટકાવવા બ્રીટીશ રાજ્યે ચેતવણી આપી તથા સુલેહ સાચવવા સુચના કરી પણ જેવી રીતે દુર્યોધનને કૃષ્ણ ભગવાન પોતે પાંડવોથી વૈર ન કરવા કહેતા હતા કારણ પોતે શ્રી જાણતા હતા કે આ વૈર કરવાથી દુર્યોધનનો પોતાનોજ અંતે નાશછે માટે સમજે તો સમજાવું એવી રીતે મહારાજા જ્યોર્જ બાહાદુરે પણ કર્યું પણ દુર્યોધનના ચોળામાં પ્રગટ થએલા જર્મને માન્યું નહીં તેથી અર્જુનનો રથ ચલાવનાર શ્રીકૃષ્ણ જેમ તેના સંહાયક થઇ રહ્યા હતા તેવીજ રીતે હાલ ફ્રેન્ચના સહાયક થઈ બ્રિટિશ બહાદુરો જર્મનો સામે રણ ભુમીમાં રમે છે; એ બન્ને, તથા, હીંદી

સૈન્ય એમ ત્રીપુટી મળી અત્યારે જર્મનોને ત્રાહેત્રાહેપો કરાવે છે અને સખત મારમારે છે કે જે સહન કરવાની શકતી પણ હવે જર્મન સૈનમાં રહી નથી.

જેની આજ ચાળીસ વર્ષની ધુમ તૈયારી તેનો આ અંન્જામ ? એ કયસર માટે થોડું શોચનીય નથી; તેની લડાયક તૈયારી તેના અજીત શસ્ત્રો તેણે આકાશી લડાઇ માટે તૈયાર કરેલાં ઝેપલીનો તથા વીમાનો અને જળ માર્ગે લડતી સબમરીનો ટોરપીડો ક્રુઝરોવીગેરે એવાં તો મજબુત બનાવાય છે કે બીજાં રાજ્યો તેની હરીફાઈનજ કરી શકે છતાં આજે તે સર્વેને એકી સપાટે હઠાવનાર ફ્રેન્ચ બ્રિટિશ ઝેપેલીનો વિમાનો તથા ઇંગ્લંડની રાક્ષસી બળ ધરાવતી ક્રુઝરો ટોરપીડો તથા સબ મરીનો આજે જર્મનીના તમામ યાંત્રીક બળને ત્રાહે-ત્રાહેપો કરાવી રહી છે એ જર્મન રાજ્યને ઓછું શરમાવનારૂં નથીજ આટલીજ તૈયારી તથા સૈન્ય જો બ્રીટીશે તૈયાર કર્યું હતે તો અત્યારે તો કયારનોયે જર્મન પાય તખ્ત બર્લીનમાં પોતાનો વાવટો ઉડાડયો હતે. પણ માણસ ધારે છે શું ને થાય છે શું તેવી રીતે બધું ઉલટુંજ જર્મને અનુભવ્યું છે એ પણ આ વીસમાં સૈકામાં દુનીયાને નવું શીખવા જેવુ બન્યું છે તેણે ધાર્યું હતું કે બ્રીટીશ મારી સામે લડાઇ જાહેર કરશે નહીં તથા પુર્વ તરફથી એશી-યાને પાયમાલ કરનાર રૂશીઅન ઝાર પણ છુટશે નહી અને મુને એ હાલ કરશે નહીં, પણ તે સંકલ્પો વીપરીત ફળ્યા છે અને તેઓનું ભાગ્ય તેનાથી રીસાણું છે.

વળી તેના રાજનું ભુષણ રૂપ તથા અત્યાર સુધીમાં દુનીઆમાં કોઇ પણ રાજ્યે બનાવેલ નહીં એવી ભયંકર સ્વરૂપી પેલી કુંભકરણની બેન ક્રુપની તોપ કે જેને ખાસ કરીને પેરીસ સર કરવા માટેજ બનાવવામાં આવી હતી તે જેઓને લાઇ લાજે એન્ટવર્પના અભેધ ગણાતા કીલ્લા ભેદવામાં વાપરવી પડી ત્યારથી તેઓની વીક્રાળ તોપ તથા ભાગ્યદેવી બન્ને ફરી બેઠીછે તે હવે કયારે સીધાં થશે તો તેજ જાણે આટલો સરંજામ હોવા છતાં લડાયક બળ હોવા છતાં, અત્યાર સુધીમાં તેઓ ફકત બેલ્જીયમ મેળવી શકયો છે બાકી કાંઈ પણ મોથ મારી શકાણી નથી જમીન ઉપર હીન્દ બ્રીટીશ ફ્રેન્ચ અને રૂશીયન દળ કવરાવી કાયર કરી રહ્યાં છે તો જળ માર્ગે દેવતાઈ બળ ધરાવનાર ઇંગ્લંડ નૌકા સૈન ગજબ ખુવારી કરી રહ્યું છે કયસરે પ્રથમ ઇચ્છા પેરીસ લેવાની કરી તેને બહાદુર બેલ્જીયમોએ જડમુળથી નાબુદ કરી ત્યાર પછી વારસો મેળવવા લોભ થયો તો ત્યાંથી રૂશીઆએ મારી કાઢયા ત્રીજી ઇચ્છા કે લે કબજે કરવાની થઇ અને સર્વોપરી કવાયદ પામેલું પાંચ લાખનું જંગી લશ્કર લઇ પોતાની આગેવાની હેઠળ કેલે બંદર પર ઘેરો નાંખવા કયસર ધસ્યો તો ત્યાં પણ બ્રીટીશ સૈને એકજ હલ્લાથી મારો હકારી કાઢયા અને બ્રીટીશની તોપોના ગોળાના ભોગ અનેક જર્મન કરનલો, સરદારો. કમાન્ડરો થઇ પડયા અને છેવટ ત્યાંથી પણ ઉભી પુછડીએ ભાગી ખુદ કયસરને બર્લીનમાં ઘુસવું પડયું

અને કેલે સર કરવા જતાં ત્રણ લાખ સૈનીકોના જાનની ખુવારી ખમવી પડી આ લડાઇમાં બ્રીટીશોની ફતેહ ઘણી કીમ્મતી લેખવામાં આવે છે આ હાર બણ જર્મનના ખ્યાલમાં ન હોતી તેણે તો પેરીસ, વોરસો કેલે વીગેરે એકી સપાટે હસ્તગત કરીશ એવી ધારણા ધારી હતી કારણ તે કોઇને પણ બીસાતમાં ગણતો નહોતો અને આખા યુરોપમાં પોતેજ છે એવી ધારણા ધારતો હતો જેમ કે–(દાખલો)

એક ભયંકર જંગલ હતું તેમાં એક મદોન્મત આખલો રહેતો હતો તે નીરંકુશ હોવાથી તથા મદોન્મત પણાથી અતીશય બહેકી ગયો હતો તે અલમસ્ત હોવાથી તેને ગામમાં કોઈ સંઘરતું નહોતું તેથી તેણે જંગલનેજ પોતાનું ઘર ઠરાવી રાખ્યું હતું અને તે જંગલમાં કુદરતી પાશણુની ઇશ્વરે સવડતા કરી આપેલી હોવાથી તે ખાઈ પીને બરાડા પાડતો ત્યાં જંગલના નાનાં નાનાં જીવ પ્રાણી જેવા કે શીઆળ મૃગલાં આદીક પ્રાણીઓને ત્રાસ વરતાવતો તથા તેવા પ્રાણીઓ ઉપર સરદારી ભોગવતો મસ્તાઈ માંજ ફરતો હતો તથા મનથી માનતો હતો કે આ વનમાં તો સર્વથી શ્રેષ્ઠ હુંજ છું મારી સામે ટકકર ઝીલી શકે એવું કોઇ જનાવર આ જંગલમાં નેથી માટે હુંજ સર્વથી મોટો છું એમ મીથ્યા અહુંકાર માં રહેતો હતો સવાર બપોર કે સાંજ ઘુરી ચડે ત્યારે જમીન સાથે માથું ઘસી ત્રાડો પાડે અને થાકે એટલે લોથપોથ થઇને કોઇ ઝાડ નીચે જઈને પડે

આમને આમ ઘણો સમય ચાલ્યો ગયોને આખલાનું જોર વધતું ગયું તે એટલે હરજે પોચ્યું કે પછે તો નગણે શીઆળ કે નગણે સાવજ જેને દેખે તેની સામે આખ્યો કાઢી ત્રાડપાડે એક દીવસ બપોરના સમયે કે જ્યારે તડકો સખત પડતો હતો અને જમીન ઉપર પગ દેતાં ચીસ નીકળી જાય એવી જમીન તપી હતી અત્યારે આસપાસનાં વનચરો લંપાઈ છુપાઇને ઠીક પડે ત્યાં ભરાઈ બેઠા હતાં અને સૂર્યાસ્ત નીરાહુ જોતાં હતાં આવે વખતે ઓચીતો તે વનમાં એક સિંહ નીકળી આવ્યો તે તૃષા છીપાવવા કોઈ સરોવરની શોધમાં ફરતો હતો. તે આ ખલ્લાની હદમાં નીકલી આવ્યો પોતે, તો સાંત્રોજ સિંહ છે તેથી તેના મનમાં બીન પરવાઇ છે ત્યાં એક સરોવર હતું ત્યાં જઈ પાણી પી એક ઝાડની છાયાં નીચે બેઠો તેવામાં આખલાજી તાપથી તપીત થઈ મુંઝાઇ ત્રાઠો પાડવા મંડયા જેના ભયથી પાસેના સરોવરમાં હરણું પાણી પીવા આવ્યાં હતાં તે બ્હીનાં અને નાઠાં અને આખલો પણ રાડયો પાડતો પાડતો થોડે સુધી તેની પાછળ દોડયો પણ હરણું નાશી છુટયાં તેથી તે કુલાણેને વીશેષ ચીસો પાડવા લાગ્યો આ દેખાવથી મહાન ગંભીરઅને પરાક્રમી સીહ રાજના દીલ માંદયા આવી અને બોલ્યા કે આ હલકો આખલો નાનાં નાનાં પ્રાણીઓને બીવાવી રાજી થાય છે ત્યા ઘણો અન્યાય કરે છે માટે તેને બતાવવું જોઇ એકે તું તો કલ્પીત રૂપધારી છો અને

હું તો સત્યરૂપે સીંહજ છું માટે મારે નબળાની વાર કરવી જોઇએ અને આ આખલાનું જડમુળ કાઢી નાનાં નાના પ્રાણીઓને નિર્ભય કરવાં જોઇએ એજ સાચો ધર્મ છે એમ વીચારી તેજ સ્થળેથી એક એવી તો ભંયકર ગર્જના કરીકે પેલો આખ લોકેજેપુર જોરમાં ધુમ્યા કરતો હતો તેના તાળવામાંથી સોં સરવી વીંધાઇને હાડેહાડમાં તે ગર્જના પ્રસરીગઈ ફકત એકજ બુમથી આખલાની સ્થીતી એકદમ ફરીગઈ તેનાં હોંશકોશ ઉડી ગયા અને કયાં જવું ને શું કરવું તેનું પણ ભાન ભુલી ગયો કારણ કે ખોટા સીંહનો ચોળો તેણે ધારણ કર્યો હતો તેજયારે સાચા સીંહની હાંક સાંભળીકે તેજ-વેળા આખલોત્યાંથી ઉંચું પુંછડું કરીને પસાર થઇ ગયો અને એકદમ સ્પેશીઅલ છોડી મુકી; કેગામમા ઘુસવા સારૂ ગામનો પણ રસ્તો બીકને લીધે ભુલી ગયો વનરાજે ફકત એક ચીસપાડી ત્યાં આખલો ચાર પાંચ માઈલ વંજા માપીગયો અને પાછુ ફરીને જોવાપણ ઊભો નરહ્યો અને કોઇ બીજા જંગલમાંજ કોઇ ઝાડોની ઝુંડમાં પેસીગયો રસ્તામાં નાસતાં નાસતાં નગણ્યાં ખાડા ખબચાકે નગણ્યું શરીરમાં કાંઈવાગ્યું, પણ પછી તપા-સવા લાગ્યો તો આખું શરીર જંગલ નાઝાડો ના થડો સાથે અથડાવાથી છોલાઇગયું હતું અને પગમાં અનેક કાટા ઓ ભોંકાણા હતા તથા માનસીક વ્યથાથતી હતી તે તો જુદીજ, તેજદીવસથી આખલે સોગન ખાધાકે આજથી પરાઇ હદકે પારકોમાલ પચાવે નહીં હલકાં પ્રાણીઓને રીબાંવે તેના ભેબાપ આપણી

પાસે હોય તેજ આપણું ખારકું આપણું કરવાજ વાથી સીંહજેવા પરમાર્થી પ્રાણીઓ તે અન્યાય સહન કરતા નથી માટે આજથી પારકું હરામછે એમ વીચારી જેહાત્ર શહજ્યાં હતા ત્યાંજબેઠા; આ બાજુ કેશરી સીંહ માત્ર એકજવાર પ્રતાપ બતાવી આખ-લાને નસાડી બીજાપ્રાણી ઓને નીર્ભય બનાવી આખા જંગલનો છુટથી ઉપયોગ કરવાદેતા ત્યારથી સમસ્ત જંગલનાં નાનાં પ્રાણીઓ વનરાજનો ઊપકાર માનવા લાગ્યા અને આખા જંગલમાં શાન્તીથી વીચરવાલાગ્યાં એ ઊપકારકો નો તો કેશરી સીંહનોજ કે જેણે તુમાખી બળદીઆના ખુમારી તોડી ત્યાંથી કાઢી મુક્યો તેવીજ રીતે વર્તમાન વીગ્રહનું પણ થશેકે મકે નાનાં રાજ્ય બેલ્જીયમની મદદે પરમાર્થી અને ન્યાયી બ્રીટીશ સીંહ ચડેલ છે કે જે અત્યારે જર્મનરૂપી કૃત્રીમ સિંહને ત્રાહે ત્રાહે પાકેરાવી રહેલ છે કે અમને તો અત્યાર સુધીની બીનાપેરથી સાફ જણાય છે કે અંતેવીજય માળ તો વીજયની દેવી એ ખાસ બહાદુર અને ન્યાય સંપન્ન મહારાજાશ્રી જયાર્જને માટેજ તૈયારકરીરાખી છે એવી આશામુને નહીં પણ બ્રીટીશની વફાદાર પ્રજાને પણ નિઃશંશય છે તે પરમાત્મા પુર્ણ કરો અસ્તુ:

કવિતા

જયજય તુજ જગમાંહી થાશો વિજયગાન ચોગમ
ગવરાશે તુજ મહીમા મહીમા છવરાશે, હરી હરખી
તુજ મંગળ થાશે

કવિતા

તુમાખી શીનર કયસરી જર્મનના સરકાર
લડવા ડયા હોશથી થઇ અશ્વપર સ્વાર ૧
થઈ અશ્વપર સ્વાર વાર જરીએ નવ કીધી
લઈને ચાહ્યા ફોજ વાટ પેરીસની લીધી ૨
વગર વીચારે લઈ ચડયો સેના મહા શુરવીર
પણ હવે પસ્તાય છે વીલયમ કયસર વીર ૩

જર્મન કયસર—

વીલીયમ કયસર વીર ધીર રાખીનો બોહ્યો
જઇને ક્ષણમાં વીર નીર પારીસનું લઈ હ્યો ૪
લઇહ્યો એનું રાજ તાજ પણ લાવો સાથે
કરૂં પ્રતીજ્ઞા આજ રાજ ચલવું મુજ હાથે ૫
કરો સેન પસાર જાઓ બેલ્જીમ અંદરથી
પકડી રાજા કેદ શહેર બાળો ભીતરથી ૬
નામુરને વળી લીજ તણાં જે કીલા સોટા
ક્ષણમાં વાળો દાટ એકને કરીદયો ખોટા ૭
નહી એઇન ઓળંગીને રાખો જર્મન નામ
ફ્રેન્ચ દેશમાં જઇ વસો જર્મન સેના તમામ ૮
કરૂં હું ટુંકા ટાઇમમાં પુરી મન મુરાદ
બનું યુરોપની ખંડનો શાહ હું નીરવીવાદ ૯

પ્રક્ષક—

કરી વીચારો એકઠા ચાહ્યા ધમ ધોકાર
અણધાર્યા અટકાવીઆ બેલ્જીયમે નિરધાર ૧૦
બેલ્જીયમે નીરધાર ત્યાંજ રોકીને રાખ્યા
અવધી થઈ પસાર ફ્રાન્સ જાવાને થાકયા ૧૧

છેવટ થઈ ત્યાં જીત રાજ્ય બેલ્જીયમનું લીધું
યાંત્રીક બળની સાહ્ય થકી મુખ ભાખ્યું કીધું ૧૨
નીરદોષી એ રાજ્યને કરીયું અંત ખ્વાર
પણ તેમાં આશ્ચર્યની વાત નથી તલ ભાર ૧૩
કારણ શેર થકી સદા પાંચ શેરી બળવાન
એ ન્યાયે સઉએ બન્યું એમાં નહીં કંઇ માન ૧૪
કારણ જર્મન રાજનું લશ્કર ચાળીશ લાખ
આવ્યું બેલ્જીયમ ઉપરે કર્યું શેહેરને ખાખ ૧૫
છતાં ઝઝુંમ્યા બેલ્જીયમો લડીઆ દીન અઢાર
કવરાવી કાયર કર્યા જર્મનના સરદાર ૧૬
અંત કૃપની તાપ જે જર્મનીનો શણગાર
તથી તાડી પાડીયા કીલ્લાને ઘર બાર ૧૭
હતું જેટલું જોસ જે તે અજમાવ્યું ત્યાંજ
હવેમાં ખીચું મારવા લાગ્યા જર્મન રાજ ૧૮
ફ્રાન્સ તણી હદમાં જતાં સામા દીઠા કાળ
ફ્રાન્સ બ્રીટન ત્યાં ભેટીઆ યુદ્ધ થયું વિકરાળ ૧૯
ત્રીજું દળ જઇને મળ્યું હીંદ થકી મહાશુર
સીખ ગુરખા આદીક જઈ લડીયા ત્યાં ભરપુર ૨૦
ત્રીપુટીનું દળ દેખતાં ગભરાણા દુશ્મન
મુદત વીતાવી મારીયા લાખો ત્યાં જર્મન ૨૧
પછી નીરાશીમાં થયા શ્રી કયસર ગરકાવ
કરવું શું જાવું કીયાં ફેલ ગયો આ આદાવ ૨૨

કયસર—

પુર્વ ભણીથી છે ધસ્યો જોતાં રૂશીયન ઝાર
અસંખ્ય સેનાને સજી આવે છે હદપાર ૨૩

અટકાવો જઈ એહુને વાર કરો નલગાર
નહીં તો ખુબ થશે બધું ધમ્યુ સોનું નીરધાર ૨૪
ધમ્યું સોનું નીરધાર હારજો થાશે ત્યાંહી
લ જવાશે આમુછ વાંકડી રહેશે નાહી ૨૫
માટે ગઇ સુજકીતીંને ઉજવળ કરવા ત્યાય
કુવર પાડવીને લઈ પોચો ત્યાં હું આંય ૨૬
પોચો ત્યાં હું આંય જાઉં છું કે લે લેવા
જગવું છું ત્યાં યુદ્ધ બ્રીટીશ જોઉં બહાંદુર કેવા ૨૭
મારી કાહું બાહાર નોર્થ સીનીહુદ બારે
જોઉં કેટલું જોર બ્રીટન પ સે જગ હુવારે ૨૮
સાધન બહુ અખુટ અ પણે રાખ્યા જગમાં
નથી કોઈના ભાર બ્રીટન ફ્રાંન્કો હળમાં ૨૯
આવું ધરી ગુમાન કયસરે રસ્તો લીધો
લડવાકે લેકોર સેનને ઓર્ડર કીધો ૩૦
પણ ત્યાં જાતાંવાર બ્રીટન બહાદુરે કીધા
તોપ તણાં ગડુ ડાટ ભડાકા શત્રુ સીધા ૩૧
અપાર નોકા યુદ્ધ તણીજે આશા કીધી
તોડી પહેલીવાર બ્રીટીશ સેનો એ દીધી ૩૨
હવે કરે શું વીર કહો વીલીયમજી શુરા
જ્યાં જાએ ત્યાં માર ખાઈ ભાગેછેવીરા ૩૩
વળી અધુ સામાં પુરૂં કરીયું તેઓ હીંદ
ગુરખા પલટન જઇ મળી હુકમ થતાં ખાવીદ ૩૪
જોઈ વીમાસણમાં પડયા જર્મન પાટવી સુત
અરે આ કયાં થી આવીયા હીંન્દ તણા મહા દુત ૩૫
નથી સમજતા સાનકે ક્વાયદ નું જરી નામ

ચીં સોપાડીને લડે અધળાવ્યા કરી હામ ૩૬
હજી હશે ત્યાં કેટલા હીંન્દી શીખ સીપાઈ
અરે અમો એના થકી હાર્થી છે ગભરાઈ ૩૭

જર્મનપ્રીન્સ

અરે પીતા કયસર તમો છોડો આ પંચાત
દીઓ પતાવી આપદા કહું છું સાચી વાત ૩૮
નહીં હારે કદી કોઈથી ઈંગ્લંડકે આ ફ્રાંન્સ
કહું છું હજી સમજો જરી શીદ દીઓ આ ત્રાસ ૩૯
વળી હંગેરીયન એસ્ત્રીયા થયા અતીશે ખુવાર
કેદ થયા લાખો અને દાર ઘણુા સરધર ૪૦
હતી આપણી એ થતે ત્રોડી રશી અન ઝાર
તેથી લડતા એકલા ઓસ્ત્રેની થઈ હાર ૪૧
વધ્યાં આપણી ફ્રાંન્સને ઇંગ્લંડના વૈમાન
દરીઆમાં કુશળ ઘણાં લડવામાં મતીમાન ૪૨
તેમાટે હવે ચૂપકીદીથી ઝટ જઈએ બર્લીન
નહીં તો ત્યાં વળી પોચશે બ્રીટીશ બોટ નવીન ૪૩
પીતા કહું છું હું નકકી અંતેછે તમ હાર
કારણ ઈંગ્લંડ પક્ષમાં હીંદ રહ્યું કરી પ્યાર ૪૪
તેથી છે અભીમાનમાં બ્રીટીશ તાજ અજીત
ફ્રાંન્સ નહીં હે જીતવા બનશો આપ લજીત ૪૫
અરે જુઓ સહુ ઊલટયો આખો યુરોપખંડ
સમજાવ્યા નહીં સમજશે કરશે સઘળા બંડ ૪૬

કયસર

કહું પાટવી વાત હું સચી તુજને આજ
જાણું છું હું પ્રથમથી છે વીપરીત આ કાજ ૪૭
છે વીપરીત આ કાજ લાજ મુજ જાશે જગમાં

વરતાવ્યો બહુ ત્રાસ જ્યોર્જના સૈંને રણમાં ૪૮
પણ હીંમત હાર્યાં થકી કહે હવે શું થાય
હવે નથી ક્યાં આપણો કાં નથી શત્રુ કયાંય ૪૯
જો જે તું હવે આપણાં બહાદુર યોદ્ધા સાથ
હું ચડું છું થઇ અગ્રેણી લડવા હાથો હાથ ૫૦
પણ આ ચો ગર દમથકી ઘેરાણા થઇ ભુલ
હવે લડું કોના થકી પેટે પાકયું શુલ ૫૧
છતાં હજુહું નહીં હટું જાય ભલે યુજરાજ
કાં રાજા થઈ ફ્રાંન્સનો પેરું ઇંગ્લંડ તાજ ૫૨

જર્મન પ્રીન્સ

પીતા કહું છું કરગરી જુગારીની આ રીત
છોડી દીઓ મમતા બધી થશો ખુવાર ખચીત ૫૩
મીત્ર રાજ જે જ્યોર્જના તે છે બહુ બહાદુર
હીંમતથી લડતા અતી ગુરખાં શીખ અતી શુર ૫૪
જુઓ બી ગમ ગોહીઓ એનો રશીઅન ઝાર
કરીર હ્યા છે કેરતે ઓસ્ત્રોપર નીરધર ૫૫
છે અધીકું બળ આપણું તો માર્યો શો વાઘ
પાંચ છ માસ પુરા થતાં વીર્યો કાળો ડાઘ ૫૬
ડાહ્યાના કહે વાછતાં સમજે નહીં જેમન
શુ માવશે નીશ્ચય થકી અંતે તનમનધન ૫૭
એવી ગત છે આપણી છેવટમાં કહું સત
જ્યોર્જ તણું પક્ષીકનો વીજય થશે બહુમત ૫૮
વિજય થશે બહુમત નથી એમાં કાંઇ શંક.
કારણ કુદરતી ન્યાય તણું નિત્ય દેછે ડંકા ૫૯

માટે ત્યાં કોઈ મોકલો આપણુ પ્રતીનીધી ખાસ
કરો સરત સુલેહની દુરથાય કંકાસ

જર્મન પ્રીન્સનો ઉપદ્રો સંહરો તેનો પીતા સ્વીકારે અને આ લોહીવાળા હાથ કરતો અટકે તો સારૂં નહીં તો પછી તેનું બહુ અનીષ્ટ થવું છે કારણ વસંત પછીની જેમ તેની ઈચ્છા અતી પ્રમાણમાં યુદ્ધનીછે તેવીજ રીતે માત્ર રાજ્યોની ઇચ્છા પણ તેનો ગર્વ ગાળ વાની ત્થા પચાવેલું નોહુંઓકાવી તેને ખોખરો કરવાની જછે અને તે સર્વાંશે સફળ થાઓ એવી દુવા જગત પિતાપાસે બ્રીટીશની દરેક વફાદાર પ્રજા ચાહેછે તે ફળીભુ તથાઓ તથા સાર્વભોમ્ય સત્તાધીશ મહારાજા પંચમજ્યાર્જ દીર્ઘાયુષી બની આપણાંપર અચળ રાજ્ય ભોગવો એવી આ લેખકની અંતરની આશીષછે તે કુદરત સતા પુર્ણ કરો અસ્તુ

(વિગ્રહ સમાવવા ઈષ્ટ પ્રતી પ્રાર્થના)

ગીત છંદ

કરૂણાબ્ધે ઇશ કલેશ અકભને સમાવજે
વિગ્રહ વિદારી સુખશાંન્તીને ફેલાવજો
તોરે તોડી શત્રુકેરો પત્તસૌવીદારજો
બ્રીટીશના જકેરી કીર્તી શતગણી વધારજો
બ્રીટીશ રાજ બ્રીટીશ તાજ સહાયે દીપાવજો
આલુ આ જંગમાંહી વિજયતા અપાવજો
આહે એ હીન્દવાસી શત્રને ન સાડજો
હીન્દપતી જ્યોર્જ રાય હરિ સદા શોભાવજો

પ્રિંટર-વિનાયક પાંડુરંગ ગોઠોસ્કર
સુ-વર્ણ પ્રિંટિંગ પ્રેસ.
કાબેકેલ ૨૨ મુંબઈ નં. ૨
પબ્લિશર-હરીલાલ નારાયણ દવે.
ગેઈટી થીએટર (કોટ) મુંબઈ.

જાહેર ખબર.

સાહીત્યમાં નવીન પ્રકાશ પાડનાર નવીન ગ્રં અમારા તરફથી ટુંક મુદતમાંજ બહાર પડશે.

રાવણનો દયાજનક દેખાવ યાને ચૌદ ચોકડી
નો વીનાશ. (પાકુ પુઠું) કી. રૂ૦ ૧
૧૬૫૭ ના દીલ્હીનો દમામ યાને ઓરંગનો
અસ્ત રૂ. ૧-૦-૦

ઉપરનાં બન્ને પુસ્તકો માર્ચની આખેરીએ બહાર પડશે અગાઉ ગ્રાહકો થયેલાના નામ ટીપમાં લેવાશે ને બન્ને પુસ્તકો રૂ. ૧॥) માં મળશે-

કર્તા-નારાયણ દયાળજી દવે

બોટાદ.